H-1

Trust Register No.F/1585

Certificate No.636

# SAHYOG KHADI GRAMODHYOG TRUST

(STEEL WOODEN FURNITURE)

Recg. By Khadi & Village Industries Commission (Govt. Of india)

Gujarat Rajya Khadi Gramodhyog Board. (Govt. Of Gujarat)

Office : F-5/6, Sarjan Complex, Opp.Madhur Hall, Near Anandnagar Cross Roads, 100ft. Road, Satelite, Ahmedabad-51 ૧૬

Date : 9/3/13

મા. સાહેબશ્રી,

સાદર જણાવવાનું કે અમારી સંસ્થા ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ ગર્વમેન્ટ માન્ય સંસ્થા છે. જે સરકારી ખરીદ નિતી-નિયમો અનુસાર વિના ટેન્ડર ખરીદ પધ્ધતિમાં સામેલ છે. જે નામાવલીમાં અમારી સંસ્થાનો ક્રમાંક નંબર : દશ (૧૦) માં આવેલ છે.

અમો સુથારી - લુહારી (સ્ટીલ- વુડન) માં દરેક જાતના ફર્નિચર (ઓફિસ - હોસ્પિટલ - સ્કુલ - કોલેજ) નું ઉત્પાદન કરીએ છીએ. અને તે ફર્નિચર આપની કચેરી પહોંચતું કરી આપીશું. તો આપ સાહેબને અરજ સાથે જણાવવાનું કે આપનો સહયોગ અમોને મળી રહેશે.

આભાર સહ,

સહયોગ ખા. ગ્રા. ટ્રસ્ટ

પ્રમુખ-મંત્રી

PSVC/168/13

Dt- 13/03/13

DR

Circulate

PSVCI

circulate to all

DIRECTOR OF RESEARCH & DEAN., P.G.S.

N. A. U., NAVSARI.

INWARD No. 2909

DATE. 13-3-2013

Regd. Address : 2/F/C, Mangal Tirth Tower-B, Opp. Dharnidhar Derasar, Paldi, Ahmedabad - 7.

ગુજરાત રાજય ખાદી અને ગ્રામોદ્યોગ બોર્ડ માન્ય સંસ્થા- મંડળી
તરફથી ઉત્પાદિત ચીજ વસ્તુઓ વગર ટેન્ડરે ખરીદવા બાબત.

ગુજરાત સરકાર
ઉદ્યોગ અને ખાણ વિભાગ
ઠરાવ ક્રમાંક : એસટીવાય/૧૦૨૦૧૨/૩૩૮/૨૧૭૦૨૫/ખ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૨૪/૦૯/૨૦૧૨.

બોર્ડ
નં. 6349
આવક તારીખ 26-9-12

વંચાણે લીધા:-

૧. ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૩/૯/૯૭ના ઠરાવ ક્રમાંક: એસપીઓ/ ૧૦૯૫/૨૬૩૬(૯૭)/ચ

૨. ગુજરાત રાજય ખાંદી અને ગ્રામોદ્યોગ બોર્ડના તા.૩૧/૦૩/૨૦૧૨ અને તા.:૩૦/૦૪/૨૦૧૨ના પત્ર ક્રમાંક: જા.નં.ગ્રામો.વગર ટેન્ડર/૧૧-૧૨/૧૧૪૭ અને ૧૩૯૮ .

૩: ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૭/૬/૧૨ના ઠરાવ ક્રમાંક: એસટીવાય/ ૧૦૨૦૧૨ /૩૩૮/ ૨૧૭૦૨૫/ખ.૧

૪. ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૧૫/૫/૧૨ના પત્ર ક્રમાંક: એસટીવાય/૧૦૨૦૧૨/૩૩૯/ ૨૧૭૦૨૪/ખ.૧

આમુખ:-

વંચાણે લીધા ક્રમાંક(૧)માં જણાવેલ આ વિભાગના તા.૨૩/૯/૯૭ના અને ત્યારબાદના વખતો વખતના ઠરાવોથી રાજયની સરકારી કચેરીઓ,બોર્ડ, નિગમ માટેની ખરીદ-નીતિ-૧૯૯૭ અમલમાં છે.આ ઠરાવના ફકરા-૮ માં સરકારી સંસ્થાઓ અને સરકાર માન્ય સંસ્થાઓને કક્ષા-અ અને કક્ષા - બ માં વર્ગીકૃત કરવામાં આવેલ છે. જેમાં કક્ષા-બ માં ક્રમાંક: ૧ અન્વયે ગુજરાત રાજય ખાદી અને ગ્રામોદ્યોગ બોર્ડ અને કે.વી.આઇ.સી. દ્વારા માન્ય હોય અને તેઓ જાતે ઉત્પાદન કરતી હોય તેવી ચીજ વસ્તુઓની ખરીદી માટે આ વિભાગ દ્વારા માન્ય કરવામાં આવે છે. કક્ષા-અ અને કક્ષા-બ હેઠળ માન્ય સંસ્થાઓ પાસેથી ઠરાવમાં જણાવેલ નાણાકીય મર્યાદામાં અને દર્શાવેલ પધ્ધતિ મુજબ ખરીદી કરી શકાય છે. પ્રવર્તમાન જોગવાઇ મુજબ કક્ષા- અ માં જણાવેલ સંસ્થાઓ પાસેથી ભાવપત્રક મેળવ્યા સિવાય અને કક્ષા-બ ની સરકારે માન્ય કરેલ સંસ્થાઓ પાસેથી ઓછામાં ઓછા ત્રણ કવોટેશન મેળવીને વાર્ષિક ધોરણે રૂા.૪૦,૦૦૦/- સુધીની ખરીદી કરી શકાય છે.

ગુજરાત રાજય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ માન્ય સંસ્થાઓ દ્વારા ઉત્પાદિત ચીજ–વસ્તુઓ વગર ટેન્ડરે ખરીદી શકાય તેમાટે બોર્ડે ભલામણ કરેલ સંસ્થાઓને વંચાણે લીધેલ ક્રમાંક(૩)આગળ દર્શાવેલ ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૭/૬/૧૨ના ઠરાવ ક્રમાંક:એસટીવાય/૧૦૨૦૧૨/૩૩૮/ ૨૧૭૦૨૫/ખ.૧થી હંગામી ધોરણે **ઠરાવ બહાર પડયાની તારીખથી અન્ય હુકમ ન થાય ત્યાં સુધી અથવા તા.૩૧/૦૩ /૨૦૧૩ સુધી જે વહેલુ હોય ત્યાં સુધીની મુદત માટે**૫૦(પચાસ)સંસ્થાઓને માન્યતા આપવાનું ઠરાવવામાં આવેલ છે.

આ વિભાગના સરખા ક્રમાંકના સંદર્ભ(૩)માં દર્શાવેલ ઉકત તા.૨૭/૬/૧૨ના ઠરાવ સાથેની સંસ્થાઓની યાદીના ક્રમાંક.૧૬ ઉમા ખાદી ગ્રામોદ્યોગ સંઘ,અમદાવાદ સામેના ઉદ્યોગના નામમાં " એફ.આર.પી.કેમ્પ અને શટર" ને બદલે " એફ.આર.પી.ફ્રેમ અને શટર" તે મુજબ સુધારીને અને ક્રમાંક.૨૭ સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ–રાજકોટ સામેના ઉદ્યોગના નામમાં " તેલઘાણી"નો ઉમેરો કરીને વાંચવું

ઠરાવ:-

અત્રેના સંદર્ભ (૪)ના પત્ર અન્વયે જીલ્લા ઉદ્યોગ કેન્દ્રો પાસેથી મેળવેલ સંસ્થાના અહેવાલ અન્વયે આ સાથેની યાદી મુજબની કુલ : ૫ સંસ્થાઓને તેના નામ સામે જણાવેલ વસ્તુના ઉત્પાદન કરતા હોઇ તેની ખરીદી માટે **આ ઠરાવની તારીખથી અન્ય હુકમ ન થાય ત્યાં સુધી અથવા તા.૩૧/૦૩/૨૦૧૩ સુધી જે વહેલુ હોય ત્યાં સુધીની મુદત માટે** આ વિભાગના તા.૨૩/૯/૯૭ના ઠરાવ હેઠળ કક્ષા- બ માં

સરકાર માન્ય સંસ્થા તરીકે અને આ ઠરાવની જોગવાઇઓ મુજબ આ સંસ્થા પાસેથી ખરીદી માટે માન્યતા આપવામાં આવે છે.

આ મંજુરી નીચેની શરતે આપવામાં આવે છે.

(૧) આ સંસ્થાઓ પાસેથી કરવામાં આવનાર ખરીદી માટેની પધ્ધતિ ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૩/૯/૯૭ના ઠરાવ ક્રમાંકઃએસપીઓ/૧૦૯૫/૨૬૩૬ (૯૭)ચ થી બહાર પાડવામાં આવેલ ખરીદ નીતિના ફકરા-૮ માં જણાવ્યા મુજબની નાણાકીય મર્યાદા અને કાર્યપધ્ધતિની રહેશે.

(૨) આ ઠરાવ અન્વયે માન્યતા ધરાવતી સંસ્થાઓને જે ચીજ વસ્તુઓ માટેના વેચાણ માટે માન્ય કરવામાં આવતી હોય તેવી ચીજ વસ્તુઓ તેઓ દ્વારા ઉત્પાદન થતી હોય તેનું જ વેચાણ કરી શકાશે એટલે કે બહારથી ઉત્પાદિત થયેલ ચીજ વસ્તુઓનું વેચાણ આ ઠરાવના હેતુઓ માટે માન્ય ગણાશે નહિ.

(૩) માન્યતા ધરાવતી સંસ્થાઓની આ હેતુ માટેની સ્થાયી સમિતિ દ્વારા ગમે ત્યારે ઓચિંતુ નિરીક્ષણ કરવામાં આવશે.

(૪) ગુજરાત રાજય ખાદી અને ગ્રામોદ્યોગ બોર્ડ દ્વારા તા.૩૧/૧૨/૨૦૧૨ પહેલાં આ સંસ્થાની માન્યતા વધુ સમય માટે ચાલુ રાખવા માટેની ભલામણ સહિતની દરખાસ્ત રાજય સરકારમાં કરવાની રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પી.વી.પીઠવા)
ઉપ સચિવ,
ઉદ્યોગ અને ખાણ વિભાગ

બિડાણ: કુલ-૫ (પાંચ) સંસ્થાઓ-મંડળીઓની યાદી.

પ્રતિ,

- માનનીય રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માનનીય મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માનનીય રાજયકક્ષાના મંત્રીશ્રી (કુ.ઉ.)ના અંગત સચિવશ્રી, ગાંધીનગર.
- માનનીય મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, કુટિર અને ગ્રામોદ્યોગ, ઉદ્યોગભવન, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- અંગત સચિવશ્રી, માન. વિરોધપક્ષના નેતાશ્રીનું કાર્યાલય,વિધાનસભા, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ
- સચિવાલયના સર્વે વિભાગો, તાબા હેઠળની કચેરીઓ, બોર્ડ/નિગમોને જાણ કરવા સારુ
- સભ્ય સચિવશ્રી, ગુજરાત રાજય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ, જુના વાડજ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર.
- લોકાયુકતની કચેરી, ગાંધીનગર.
- રાજય ચુંટણી પંચ, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ (હિસાબી અને હકદારી) ગુજરાત રાજય, રાજકોટ.
- એ.જી. ઓડીટ-૧, ગુજરાત બહુમાળી મકાન, લાલદરવાજા, અમદાવાદ.
- હિસાબ અને તિજોરી અધિકારી, અમદાવાદ.-
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ-ગાંધીનગર.
- ઉદ્યોગ અને ખાણ વિભાગની તમામ શાખાઓ.
- આઇ.ટી.શાખા, ઉ.ખા.વિ.( વેબ સાઇટ પર મુકવા સારુ)
- પસંદગી ફાઇલ.

ઠરાવ ક્રમાંક : એસટીવાવ / ૧૦૨૦૧૨ / ૩૩૮ / ૨૫૭૦૨૫ / ખ.૧ તા.૨૧-૦૯-૨૦૧૨ નુ બિડાણ.

| | | | |
|---|---|---|---|
| ૨ | સહયોગ ખાદી ગ્રામોદ્યોગ ટ્રસ્ટ | ૫, સર્જન કોમ્પલેક્ષ, મધુરહોલ સામે, આંનદનગર ચાર રસ્તા પાસે સેટેલાઇટ ૧૦૦ ફુટ રોડ, અમદાવાદ-૧૫ ફોન નં- | સુથારી-લુહારી, ફર્નીચર |

(પી.વી.પીઠવા)
ઉપ સચિવ,
ઉદ્યોગ અને ખાણ વિભાગ